Gujarat Chamber of Commerce & Industry
Azadi Ka Amrit Mahotsav
Pathik Patwari, President | Ajay Patel, Sr. Vice President | Yogesh Parikh, Vice President | Anil Jain, Hon. Secretary | Dilip Padhya, Hon. Secretary (R) | Apurva Shah, Hon. Treasurer
ગુજરાત વેપારી મહામંડળ

11th October, 2022 / 28310

To,

**Shri M. Thennarasan, IAS**
Vice Chairman & Managing Director
GIDC, Block No. – 4
2nd Floor, Udhyog Bhavan
Gandhinagar – 382011

**Sub: Pending issues related to GIDC**

Respected Sir,

Greetings from Gujarat Chamber of Commerce and Industry (GCCI).

The Office Bearers and representatives of Gujarat Chamber of Commerce and Industry had a meeting with Hon'ble Minister of State for Industries, Shri Jagdishbhai Vishwakarma; Hon'ble Minister of Energy and Finance Shri Kanubhai Desai and Hon'ble Minister for Forest and Environment Shri Kiritsinh Rana to discuss about pending issues related to Industries and Trade of Gujarat.

As discussed during the meeting, we had sent pending issues related to your department, with a request to resolve the same. We hereby request your kind consideration of the issues, in order to facilitate Ease of Doing Business and provide handholding to the trade and industries of Gujarat. We are hereby resending issues for your kind reference.

We look forward to your positive intervention in the matter.

With warm regards,

**Pathik Patwari**
**President.**

**Copy to :**
Shri Jagdish Vishwakarma, Hon'ble Minister of State for Industries, Govt. of Gujarat

**Encl:** As mentioned above

Shri Ambica Mills, Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad 380009, Gujarat, India
+91-79-2658 2301/2/3/4/5
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org
GCCIAhmedabad

Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ

Pathik Patwari, President | Ajay Patel, Sr. Vice President | Yogesh Parikh, Vice President | Anil Jain, Hon. Secretary | Dilip Padhya, Hon. Secretary (R) | Apurva Shah, Hon. Treasurer

29 સપ્ટેમ્બર, 2022 / 28194

પ્રતિ,
**શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**
માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી(રાજ્ય કક્ષા)
ગુજરાત સરકાર
ગાંધીનગર.

**વિષય: આપશ્રી અને સંલગ્ન ઉચ્ચ અધિકારીઓ સાથે થયેલ મિટિંગમાં ચર્ચા મુજબ GIDC વિભાગને લગતા પડતર પ્રશ્નો**

માનનીય મંત્રીશ્રી,

સૌપ્રથમ ગુજરાત રાજ્યના વેપાર-ઉદ્યોગને પ્રોત્સાહન આપવા આપશ્રી દ્વારા જે સકારાત્મક પગલાંઓ લેવામાં આવ્યા છે તે બદલ આપશ્રીનો આભાર માનીએ છીએ.વધુમાં આપશ્રી તેમજ અન્ય માનનીય મંત્રીશ્રીઓ અને સંલગ્ન ડિપાર્ટમેન્ટના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં વિસ્તૃત મિટિંગ યોજી વેપાર-ઉદ્યોગના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે આપે આપનો અમૂલ્ય સમય ફાળવ્યો અને પ્રશ્નોના નિરાકરણ માટે સકારાત્મક અભિગમ દર્શાવ્યો તે બદલ આપનો ખુબ આભાર માનીએ છીએ.

મિટિંગમાં ચર્ચા થયા મુજબ GIDC વિભાગને લગતા પ્રશ્નો આપશ્રીની જાણ સારું અત્રે મોક્લાવીએ છીએ.

આ પ્રશ્નોનું તાત્કાલિક ધોરણે નિરાકરણ ખુબજ જરૂરી હોવાથી આપશ્રીને આ બાબતે સકારાત્મક નિર્ણય લેવા નમ્ર વિનંતી કરીએ છીએ.

આપનો,

પથિક પટવારી
પ્રમુખ.

બિડાણ: ઉપર મુજબ

નકલ રવાના:શ્રી એમ.થેનારસન, IAS ,વાઇસ ચેરમેન અને મેનેજીંગ ડાયરેક્ટર,GIDC,ગાંધીનગર.

Shri Ambica Mills, Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad 380009, Gujarat, India
+91-79-2658 2301/2/3/4/5
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org
GCCIAhmedabad

## 1. જીઆઇડીસી

| અનું. | વિભાગ | મુદ્દો | સૂચિત સુધારો/ સ્પષ્ટીકરણ |
|---|---|---|---|
| 1.1 | જીઆઇડીસી | **ડબલ ટેક્સેશન**<br><br>હાલમાં ૧૫૦ જેટલી જી.આઈ.ડી.સીમા સર્વિસ ચાર્જ અને લોકલ ઓર્થોરીટી (ગ્રામપંચાયત, નગર પાલિકા) દ્વારા ટેક્ષ ઉઘરાવવામાં આવી રહ્યો છે જયારે એમના તરફથી કોઈ સુવિધાઓ મળતી નથી. | સરકારશ્રી એ એક આદેશ જાહેર કરી તમામ GIDC વિસ્તારને નોટીફાઈડ વિસ્તાર જાહેર કરવા જોઈએ જેથી GIDC ના ઉદ્યોગકારો તેમના ટેક્ષ કલેક્શનથી લઈને માળખાકીય સુવિધાઓની જાળવણીના તમામ કાર્ય GIDCના અધિકારીઓ સાથે રાખીને કરી શકે ઉપરાંત ટેક્ષ ની અમુક રકમ આજુબાજુના ગામના વિકાસ માટે વાપરી શકે (હાલ ૩૩% સર્વગ્રાહી ફંડમાં નોટીફાઈડ વિસ્તારો વાપરે છે)<br><br>અથવા<br><br>અમદાવાદના GIDCના ઉદ્યોગકારો અને કોર્પોરેશન વચ્ચે હાઇકોર્ટમાં એક MOU થયું છે જેમાં ટેક્ષના ૨૫% કોર્પોરેશનને જાય છે અને ૭૫% જે તે ઇન્ડસ્ટ્રીઅલ એસોસીએશનને મળે છે તેમાંથી તેઓ માળખાકીય સુવિધાઓની જાળવણી સારી રીતે કરી શકે છે આ રીતે ગુજરાતભરની તમામ લોકલ ઓર્થોરીટીને સરકારશ્રી આદેશ આપી એક ટેક્ષ કલેક્શન માટે Escrow A/C ખોલવામાં આવે અને તેમાં આવેલ ટેક્ષની |

| અનું. | વિભાગ | મુદ્દો | સૂચિત સુધારો/ સ્પષ્ટીકરણ |
|---|---|---|---|
| | | | રકમના ૨૫ % લોકલ ઓર્થોરીટીને અને બાકીના ૭૫% લોકલ એસોસિયેશનને મળે તેમાંથી લોકલ ઉદ્યોગકારો તેમના વહીવટ કરી શકે |
| 1.2 | | ટ્રાન્સફર ફી<br>GIDCમાં ટ્રાન્સફર ફીસમાં ઘટાડો કરવો જરૂરી છે. GIDC વસાહતમાં આવેલ પ્લોટ કોઈ ઉદ્યોગકાર વેચવા માંગે તો ૫% થી ૧૫% સુધી ટ્રાન્સફર ફી લેવામાં આવે છે ઉપરાંત 5.9% જેટલી રજીસ્ટ્રેશન ફી પણ વસુલવામાં આવે છે | જીઆઈડીસી ત્રણ અલગ રીતે વિતરણ ના આજના ભાવ મુજબ ૫/૧૦/૧૫% ટ્રાન્સફર ફીસ લેતી હોય છે. સાથે રજીસ્ટાર (સરકાર) ની ફીસ ૫.૯% અલગ હોય છે. આ બધું ભારણ આવનાર નવા ઉદ્યોગો પર જાય છે અને આ કારણો થી નવા ઉધોગો ને ખૂબ તકલીફ પડે છે.સાથે અલગ ટ્રાન્સફર ફીના માળખા ને લીધે ટ્રાન્સફર ના સમયે ઘણાં બધા પુરાવા આપવા પડે છે તેનાથી સમય,શક્તિ ખૂબ બગડે છે અને ભ્રષ્ટાચારને મોકળું મેદાન મળે છે. **આ માટે વપરાશી કિસ્સામાં 20,000 ચો.મી. સુધીના પ્લોટ માટે ટ્રાન્સફર ફી ૫% થી ઓછી હોવી જોઈએ.** |
| 1.3 | | ઈમ્પેક્ટ ફી | જે ફેકટરીમાં પ્લાન વિરુદ્ધ બાંધકામ થયું હોય તેમને મંજૂરી આપવી |

| અનું. | વિભાગ | મુદ્દો | સૂચિત સુધારો/ સ્પષ્ટીકરણ |
|---|---|---|---|
| | | ગેરકાયદેસર બાંધકામ | જોઈએ તે માટે મહાનગરોમાં જે નીતિ પ્રમાણે અગાઉ ઈમ્પેક્ટ ફી લઇ રેગ્યુલર કરવામાં આવ્યા હતા એ નિયમ પ્રમાણે ઈમ્પેક્ટ ફી લઇ બાકીના સભ્યોને રેગ્યુલર કરી આપવા જોઈએ. |
| 1.4 | | **વોટર ચાર્જીસ**<br>પાણી પૂરવઠા વિભાગ તથા સરદાર સરોવર નિગમ દ્વારા અપાતા ઔદ્યોગિક હેતુના પાણીના ચાર્જીસમાં દર વર્ષે 10% નો વધારો થાય છે | અત્યારની પરિસ્થિતિમાં પાણીના ચાર્જીસ ખુબ વધી ગયા છે જે ઉદ્યોગ માટે અસહનીય છે માટે આ ચાર્જીસ દર વર્ષે મહત્તમ 5% સુધી વધારવા જોઈએ. |
| 1.5 | | **લોનના બાકી લેણાં માટે વન ટાઇમ સેટલમેન્ટ સ્કીમ** | કોરોનાની બે વર્ષની મહામારી મા ઘણું નુકશાન કરી ગુજરાતનો ઉદ્યોગ બેઠો થઈ રહ્યો છે,દરેક કાચા માલ ના ભાવો વધી ગયા હતા, અને જ્યારે માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અર્થ તંત્રને વેગીલું બનાવી રહ્યા છે ત્યારે ગુજરાતના ઉદ્યોગો ને આ રાહત થી મળેલ રકમ તેના ઉદ્યોગના વિકાસમાં કામ લાગી શકે તેમ છે. અગાઉ પણ આ સ્કીમ સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલ હતી. |
| 1.6 | | **પેનલ્ટી**<br>**આગ લાગવા જેવા કિસ્સામાં જયારે ફેક્ટરી બંધ રહે છે અને** | ઉદ્યોગ સમયસર ચાલુ ના થઈ શકે તો ૨% પ્રતિ વર્ષ દંડ લાગે છે, ઉદ્યોગ શરૂ કરવા માટે ઘણી મંજૂરીઓ લેવાની હોય છે ઉપરાંત |

| અનું. | વિભાગ | મુદ્દો | સૂચિત સુધારો/ સ્પષ્ટીકરણ |
|---|---|---|---|
| | | અમુક સમય પછી ફરી ચાલુ કરવામાં આવે છે ત્યારે ફેક્ટરી બંધ રહેલ તેવા વચગાળાના સમય માટે પણ નોન - યૂટિલાઇઝેશન પેનલ્ટી વસુલવામાં આવે છે.<br><br>**સાણંદ અને સાયકા જેવા Non-saturated ઉદ્યોગોમાં GIDC દ્વારા બધા પ્લોટનું વેચાણ થયું નથી તેમ છતાં વેચાયેલ પ્લોટ પર નોન - યૂટિલાઇઝેશન પેનલ્ટી વસુલવામાં આવે છે,જયારે GIDC દ્વારા જ વેચાણ ન થયેલ હોય તેવા પ્લોટ પર કોઈ જ પેનલ્ટી લાગુ પડતી નથી** | લોન મેળવવી,મશીનરી સમયસર લાવવી તેમાં નાના ઉદ્યોગોનો સમય બગડે છે. માટે આ દંડ ૨% છે તેને નાબૂદ કરવો જોઈએ.<br><br>Saturated GIDC માં પેનલ્ટી વસૂલી શકાય પરંતુ Non-saturated GIDC માં નોન - યૂટિલાઇઝેશન પેનલ્ટી વસુલવામાં આવી ન જોઈએ.<br><br>ઔદ્યોગિક એકમ દ્વારા જો ઉત્પાદન કાર્ય શરૂ કરવામાં આવ્યું હોય અને અમુક કારણોસર ફેક્ટરી બંધ કરવામાં આવી હોય તેવા વચગાળાના સમયમાં પેનલ્ટી લગાવી ન જોઈએ. |
| 1.7 | | જીઆઈડીસીના બોર્ડમા ઉદ્યોગકારોની નિમણુંક | જીઆઈડીસીના બોર્ડમા તાત્કાલિક પાંચ ઉદ્યોગકારોની નિમણુક કરવી જોઈએ ત્યાં સુધી હંગામી ધોરણે ચાર ઉદ્યોગકાર અને ચાર |

| અનું. | વિભાગ | મુદ્દો | સૂચિત સુધારો/ સ્પષ્ટીકરણ |
|---|---|---|---|
| | | | જીઆઈડીસી ના અધિકારીઓની કમિટી બનાવી પોલિસી અંગે ચર્ચા કરવી જોઈએ.<br><br>ઉદ્યોગકારોના મૂળભૂત પ્રશ્નો સમજી સકે અને રજુ કરી સકે તે માટે જી.આઈ.ડી.સી. દ્વારા આવી કમિટીની નિમણુંક કરવી જોઈએ જેથી ઔધોગિક નીતિઓમાં જી.આઈ.ડી.સી.ને સલાહ-સુચન આપી સકે અને એક સારી ઉદ્યોગ નીતિ બની સકે જેથી ઉદ્યોગોને ઓછી તકલીફ પડે. |
| 1.8 | | નવી વસાહતમાં કોમર્શિયલ પ્લોટ | નવી વસાહતમાં કોમર્શિયલ પ્લોટ ઔધોગિક ભાવ કરતા ૧૦૦% વધારે લઈને માંગ પ્રમાણે ફાળવણી કરવી જોઇએ |
| 1.9 | | પાણીની સમસ્યા | રાજ્યની અનેક જીઆઇડીસીમાં પાણીના અપૂરતા પુરવઠાને કારણે ઉદ્યોગો ને ઘણી તકલીફ પડે છે. હાલમાં ચંડીસર, દેદિયાસણ, દિઓદર, મહેસાણા વિગેરે જીઆઇડીસીમાં પાણીની સમસ્યા છે. તેથી સરકારશ્રી એ પાણી માટેની વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવી જોઈએ. |

| અનું. | વિભાગ | મુદ્દો | સૂચિત સુધારો/ સ્પષ્ટીકરણ |
|---|---|---|---|
| 1.10 | | અન્ડર-ગ્રાઉન્ડ ઇલેક્ટ્રિક કેબલિંગ | અન્ડર-ગ્રાઉન્ડ ઇલેક્ટ્રિક કેબલિંગ માટે ખાસ ફંડ ફાળવી આપવું જોઈએ જેથી આ પ્રક્રિયા ઝડપથી પુરી થાય. PPP મોડલ પર સ્થાનિક એસોસીશનને સાથે રાખીને આ પ્રોજેક્ટ હાથ ધરવો જોઈએ. |
| 1.11 | | ફેક્ટરી આઉટલેટ<br><br>ઔદ્યોગિક પ્લોટ માં વાણિજ્ય વપરાશ | ઔદ્યોગિક એકમો દ્વારા પોતાની પ્રોડક્ટ માટે ફેક્ટરી આઉટલેટ રાખવામાં આવે છે જેને જીઆઈડીસી દ્વારા વાણિજ્ય પ્રવૃત્તિ ગણવામાં આવે છે. ફેક્ટરી આઉટલેટને વાણિજ્ય પ્રવૃત્તિ ગણવાને બદલે આ ઔદ્યોગિક એકમનો જ ભાગ ગણવો જોઈએ.<br>જીઆઇડીસી ઔદ્યોગિક વસાહતમાં ઔદ્યોગિક પ્લોટમાં વાણિજ્ય વપરાશ કરતા એકમો સામે કાર્યવાહી કરવામાં આવે છે .<br>આવા ઔદ્યોગિક પ્લોટ પર વાણિજ્ય પ્રવૃત્તિ માટે નિયત ચાર્જ વસુલ કરી મંજૂરી આપી નિયમિત કરી આપવા જોઈએ. |
| 1.12 | | GIDC માં વેરહાઉસને ઔદ્યોગિક પ્રવૃત્તિ (industrial activity ) ગણાતી નથી, તેના લીધે GIDC | વેરહાઉસને ઔદ્યોગિક પ્રવૃત્તિ (industrial activity )ગણવી જોઈએ. તેનાથી કાચા માલ/તૈયાર ઉત્પાદનને સંગ્રહને પ્રોત્સાહન મળશે અને ઇન્વેન્ટરીની કિંમતમાં ઘટાડો |

| અનું. | વિભાગ | મુદ્દો | સૂચિત સુધારો/ સ્પષ્ટીકરણ |
|---|---|---|---|
| | | માં વેરહાઉસ બનતા નથી.વેરહાઉસ/ગોડાઉન ઉત્પાદકોની એક જરૂરી માંગ છે. | થશે. વધુમાં આનાથી ઉત્પાદનની ખરીદ કિંમતમાં પણ ઘટાડો આવશે. આ નિર્ણયથી GIDC માં વેરહાઉસ બનવાને લીધે ખાલી પડેલ પ્લોટના વેચાણમાં પણ મદદ મળશે |